सत्यमेव जयते

| | | |
|---|---|---|
| દાખલ તારીખ | :- | ૨૯/૦૫/૨૦૨૬ |
| નોંધ્યા તારીખ | :- | ૨૯/૦૫/૨૦૨૬ |
| ફેંસલ તારીખ | :- | ૦૪/૦૬/૨૦૨૬ |
| સમય ગાળો | :- | વર્ષ માસ દિવસ<br>૦૦,૦૦,૦૭ |

**ખેડા જિલ્લાના મહે. પાંચમા અધિક સેશન્સ જજ સાહેબની અદાલતમા,**
**મુકામ:- નડીયાદ.**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૫૯૩/૨૦૨૬**
**આંક:-**

**અરજદાર:-** **શાહરૂખમીયા કમરૂદીનમીયા યાકુબમીયા મલેક,**
ઉ.વ.૩૪, ધંધો :- વેપાર,
રહે.મુ. કાલસર, તા. ઠાસરા, જી.ખેડા,
**(હાલ જયુડી.કસ્ટડીમાં)**

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** **ગુજરાત સરકાર,**
મારફતે પી.પી.શ્રી,
નડીયાદ.

.........................................................................

**બાબત:-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩(૨) (ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ-૪૩૯(૧) તથા (૨)) અન્વયે વચગાળાની જામીન અરજી.

.........................................................................

.........................................................................

**ગુનો:- ડાકોર પોલીસ સ્ટેશન ગુના રજી.નં. ૧૧૨૦૪૦૨૧૨૫૦૪૮૦/૨૦૨૫, બી.એન.એસ. કલમ-૩૧૬(૫,)૩૧૮(૪),૩૩૬(૨),૩૩૮,૩૩૬(૩),૩૪૦(૨), ૩૦૨**

.........................................................................

.......................................................................
**અરજદાર તરફે વિ.વ.શ્રી એસ.આર.મલેક**
**સામાવાળા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી ડી.આર.બારોટ**
.......................................................................

**-:: ચુ કા દો ::-**

**૧.** અરજદાર/આરોપી ધ્વારા હાલની જામીન અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩(૨) (ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ-૪૩૯(૧),(૨)) અન્વયે ડાકોર પોલીસ સ્ટેશન ગુના રજી.નં. ૧૧૨૦૪૦૨૧૨૫૦૪૮૦/૨૦૨૫, બી.એન.એસ.એસ.ની કલમ ૩૧૬(૫),૩૧૮(૪),૩૩૬(૨),૩૩૮,૩૩૬(૩),૩૪૦(૨),૩૦૨ મુજબના ગુનાના કામે વચ્ચગાળાની જામીન ઉપર મુકત થવા દાખલ કરેલ છે.

**૨.** સદર અરજીની સામાવાળાને નોટીસની બજવણી થતા આંક-૪ થી ડી.આર.બારોટ, પી.પી.શ્રીની હાજર પુરસીસ રજુ થયેલ છે તેમજ આંક-૬ થી મેડીકલ ઓફીસર,નડીઆદ જીલ્લા જેલનાઓનો અભીપ્રાય તથા તેની સાથે સીવીલ હોસ્પીટી નડીઆદના સારવારના પેપર્સ રજુ કરેલ છે.

**3.** આ કામે અરજદાર/આરોપીના વિ.વ.શ્રી એસ.આર.મલેક એ તેઓની દલીલમાં રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી હાલ જયુ.કસ્ટડીમાં હોય જેલ ખાતે શારીરીક તકલીફ થતાં સીવીલ હોસ્પીટલ લઇ ગયેલા જયાં ડો.શ્રીએ અરજદાર/આરોપીને પેટની

જમણી બાજુ નીચેના ભાાગે સારણ ગાંઠ હોવાનું તા.૧૯/૧૧/૨૦૨૫ ના રીપોર્ટમાં જણાવેલ અને તે અંગેનું ઓપરેશન કરાવા જણાવેલ અને જીવનું જોખમ રહેલ હોય તેથી તાત્કાલીક ઓપરેશન કરાવું આવશ્યક હોય અને સદરહું ઓપરેશન કુટુંબીજનો ની દેખરેખ હેઠળ કરાવા માટે દિન–૩૦ના વચ્ચગાળાની જામીન ઉપર મુકત કરવા હાલની અપીલ કરી દાદ માંગેલ છે.

૪. આ કામે સામાવાળા તરફે વિ.પી.પી. ડી.આર.બારોટનાઓ હાજર થઈ મેડીકલ ઓફીસર નડીઆદ જીલ્લા જેલનો રીપોર્ટ ધ્યાને લેતા અરજદાર/આરોપીને પેટના નીચેના ભાગે જમણી બાજુ સારણ ગાંઠ (RIGHT SIDE INGUINAL HERINA)નું નીદાન તા.૧૯/૧૧/૨૦૨૫ ના સીવીલ હોસ્પીટલ ખાતે થયેલ. ત્યાં સર્જને ઓપરેશન કરાવાની સલાહ આપેલ હતી. ત્યારે આરોપીએ થોડો સમય માગેલ હતો ત્યારબાદ તા.૨૩/૦૬/૨૦૨૬ ના ફરી સીવીલ હોસ્પીટલ નડીઆદ ખાતે સર્જન પાસે અરજદાર/આરોપીની સારણ ગાંઠ માં વધારો થયેલ હતો, તેનો ઓપરેશન કરવા ફરી સલાહ આપેલી પરંતુ અરજદાર/આરોપી સરકારી હોસ્પીટલમાં ઓપરેશન કરાવું ન હતુ અને તેના નીવેદનમાં બાર ખાનગી હોસ્પીટલમાં સ્વખર્ચે ઓપરેશન કરાવા માંગે છે અને સદર બીમારીની સારવાર ફકત ઓપરેશન જે જેમના સ્વાસ્થય માટે હીતાવહ હોય પરંતુ અરજદાર સીવીલ માં ઓપરેશન કરાવા માંગતા ન હોય અને બહાર ખાનગીમાં ઓપરેશન કરાવા માંગતા હોય તે કારણે અરજદારને વચ્ચગાળાના જામીન ઉપર મુકત કરી શકાય નહી જેથી હાલની વચ્ચગાળાની જામની અરજી ના મંજુર કરવા રજુઆત કરેલ છે.

૫. એકંદરે અરજદારના વિ.વ.શ્રી એસ.આર.મલેકની મૌખિક રજુઆત તેમજ રજુ દસ્તાવેજો વંચાણે લીધા. તેમજ સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી ડી.આર.બારોટની રજુઆત,મેડીકલ ઓફીસર નડીઆદ

જીલ્લા તેનો આંક-૬ નો રોપોર્ટ તથા તેની સાથે સામેલ સીવીલ હોસ્પીટલ નડીઆદના સારવારના પેપર્સની નકલ વંચાણે લીધી.

૬. એકંદર હકીકત ધ્યાને લેતા, અરજદારના વિ.વ.શ્રીએ મુખ્યત્વે અરજદારને પેટની જમણી બાજુ સારણ ગાંઠની નીદાન તા.૧૯/૧૧/૨૦૨૫ ના રોજ થયેલુ અને ત્યારબાદ તણ અરજદાર /આરોપીને તા.૨૩/૪/૨૦૨૬ ના દુખાવો થતાં સીવીલ હોસ્પીટલ નડીઆદ ખાતે સર્જન પાસે તપાસ કરાવતા સારણ ગાંઠની સાઇઝમાં વધારો થયેલ અને ડો.શ્રીએ એકમાત્ર ઓપરેશન કરાવાન સલાહ આપેલી અને જે તેમના સ્વાસ્થય માટે હીતાવહ હોવાનું પણ જણાવેલ તેમ છતાં અરજદાર સીવીલ હોસ્પીટલ ખાતે ઓપરેશન ન કરાવા અંગે કોઈ જ હકીકત કે કારણો અરજીમાં કે રજુઆતમાં જણાવેલ ન હોય ત્યારે સીવીલ હોસ્પીટલ નડીઆદ ખાતે અરજદારનું સર્જન ડો.દ્વારા સારણ ગાંઠનું ઓપરેશન કરાવાની સારવાર ઉપ્લબ્ધ હોય ત્યારે અરજદારની બહાર પ્રાઈવેટમાં ઓપરેશન કરાવા માટે વચ્ચગાળાના જામીન ઉપર મુકત કરવાનું કોઇ જ વ્યાજબી કારણ ન હોય,જેથી અરજદાર/આરોપીની હાલની વચગાળાની જામીન અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૪૮૩(૨) અન્વયેની મંજુર કરવાનું વ્યાજબી ન્યાયોચિત જણાતું ન હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -::આખરી હુકમ::-

૧. અરજદાર :**શાહરૂખમીયા કમરૂદીનમીયા યાકુબમીયા મલેક,**ધંધો :- વેપાર, રહે.મુ. કાલસર, તા. ઠાસરા, જી.ખેડા,**(હાલ જયુડી.કસ્ટડીમાં)** વાળાની ડાકોર પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૦૪૦૨૧૨૫૦૪૮૦/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ-૩૧૬(૫), ૩૧૮(૪), ૩૩૬(૨), ૩૩૮, ૩૩૬(૩),

૩૪૦(૨),૩૦૨ મુજબના ગુના કામે હાલની વચગાળાના જામીન ઉપર મુકત થવાની ફોજદારી પરચુરણ અરજી નં.૫૯૩/૨૦૨૬ આથી નામંજુર કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તા.૦૪, માહે:– જુન , સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.**

**(રામેશ્વર જીતેન્દ્રભાઇ મીરાણી)**
પાંચમા અધિક સેશન્સ જજ,
નડીયાદ.
કોડ નં.જીજે–૦૦૭૪૯.

તા.૦૪.૦૬.૨૦૨૬
સ્થળ:– નડીયાદ.